# કોશિશ થી કામયાબી

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ ઓક્ટોબર - ૨૦૧૮, અંક નં. ૭૦/૪૩૬



૧૫ ઑગસ્ટની ઉજવણી



ICT ના તજજ્ઞોનો સન્માન સમારંભ



ICT ના તજજ્ઞોનો સન્માન સમારંભ



સંસ્થાના મંત્રીશ્રીનો યુરોપ પ્રવાસ



સી.પી. સેન્ટરમાં
રક્ષાબંધનની ઉજવણી



દિશા પ્રોજેક્ટ હેઠળ સન્માન

હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઈ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 October - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# પી.એન.આર. - નટરાજ કેમ્પસમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી







# પી.એન.આર. ની મુંબઇ ખાતે યોજાયેલ એન્યુઅલ જનરલ મિટિંગ





# પી.એન.આર. માં નટરાજ ખાતે સ્ટાફના સંતાનોને શૈક્ષણિક ઇનામ વિતરણ

















# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . ૦૪
- PNRની મુંબઈમાં સામાન્ય સભા . ૦૫
- વિકલાંગોને કપડાની સહાય . . . . ૦૫
- આભાર પત્ર . . . . . . . . . . . . . . ૦૫
- KLIDના મંત્રીશ્રીનો યૂરોપ પ્રવાસ . ૦૬
- ICTના નિષ્ણાંતોનો સન્માન સમારંભ ૦૭
- PNRનો ફેમિલી ફોરમ કાર્યક્રમ. . . ૦૮
- નિરામયાની માહિતી અને માર્ગદર્શનનો ફ્રી નિદાન કેમ્પ . . . . ૦૯
- પાર્કિન્સન્સ દર્દીઓનો પ્રવાસ . . . . ૦૯
- મુલાકાતીનો અભિપ્રાય . . . . . . . ૦૯
- સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી. . . ૧૦
- KLIDમાં ISLનો અભ્યાસક્રમ. . . . ૧૦
- PNR-ADVT . . . . . . . . . . . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-PD ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-CP શાળા . . . . ૧૨
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-HIGHTEK બાલમંદિર અને પ્રાયમરી સ્કૂલ . . . ૧૫
- PNRનું નવું સરનામું . . . . . . . . ૧૫
- સ્વ. શ્રી અટલ બિહારી બાજપેયીજીનું કાવ્ય . . . . . . . . . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-AT&T ટેક.પાર્ક . ૧૬
- CP શાળા પ્રવાસ . . . . . . . . . ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-KLID શાળા. . . ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-KLID છાત્રાલય . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-KLID-TTC. . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૧
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## પી.એન.આર.ની વાર્ષિક જનરલ સભા-૨૦૧૮

દર વર્ષની જેમ, આ વર્ષે પણ મુંબઈમાં, પી.એન.આર. સોસાયટીની **વાર્ષિક જનરલ સભા-૨૦૧૮** મળી. જેમાં ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, શુભેચ્છકો, દાતાઓની ઉપસ્થિતિમાં **'પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન'** દ્વારા, સંસ્થાની આ વર્ષ દરમ્યાનની કામગીરી અને ઓડિટેડ હિસાબ રજૂ થયાં. સર્વાનુમતે પસાર થયેલાં હિસાબની પારદર્શકતા, સુચારુ વહિવટ અને વિકલાંગો માટે સમર્પિતભાવથી કરેલાં કાર્યોની પ્રસંશા થઈ.

આ ઉપરાંત આ વર્ષે, મુંબઈના કાર્યકર્તા-દાતાશ્રીઓએ, ભાવનગરથી આવેલાં કાર્યકર્તાઓને પોતાના ઘરે આમંત્રિત કરી, શ્રેષ્ઠ પ્રકારની ભોજન વ્યવસ્થા તો કરી, પરંતુ તે ઉપરાંત ઘરના સ્ત્રી મેમ્બરો સહિતે, જે ઉત્તમ પ્રકારની આતિથ્ય સત્કારની ભાવના, પ્રેમ અને લાગણી સાથે અભિવ્યકત કરી, તેમાં તેઓના આભિજાત્ય સંસ્કાર, વિવેક અને શાલિનતાના દર્શન થયાં. ખાસ કરીને શ્રીમતી દીપીકાબેન ભરતભાઈ પારેખ, શ્રીમતી હર્ષાબેન હરેનભાઈ સંઘવી, શ્રી પ્રદીપભાઈ શાહ (ધરમપુર કેમ્પના દાતાશ્રી) તથા હર-હંમેશની જેમ ઉત્સાહથી ઉત્તમ હોટલોમાં અમને લઈ જતાં, શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા, અમારા માટે અવિસ્મરણિય મહેમાનગતિનું પ્રતીક બની રહેશે.

✍ **કિરીટ રાઠોડ**

Learn obedience first. Always first learn to be a servant; and then you will be fit to be a master.


**- Swami Vivekanand**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૭૦/૪૩૬**
  **૧૫ ઓક્ટોબર - ૨૦૧૮**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **લીલા ચૌહાણ**
  **વૈશાલી યોગી**
  **નેહલ ત્રિવેદી**
  **પરિક્ષિત ભટ્ટ**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE

✍ K. D. PADIA



### ◈ AGM of PNR Society

The Annual General Body Meeting and members of Trustees of the PNR Society was held on 29 Sept. 2018 at Mumbai. Shri H. P. Rakhashia, Hon. Treasurer, presented audited financial report and Shri Paras Shah, Secrtary General described accomplishments of the Society through power-point presentation. Both were adopted by the Trustees and Members attending the AGM.

### ◈ KLID Forges Ahead

Organising of B Level course of Indian Sign Language, Celebration of World Lions Day, Participation in Badhir Shala Sanchalak Mandal Gujarat and ICT seminar, Distribution of hearing aids among 13 deaf children, holding cross-disability course examination and formation of General Club of trainees of Training College of K. L. Institute for the Deaf (KLID), have been its chief accomplishments. This is not all. An educative and inspiring article of Shri Ashwin Pandya, Secretary on his tour to Europe has been a credit-feather of the KLID.

### ◈ Prevention Programme Takes a Stride

The Pravinchandra Dalal Disability Prevention Center (PDDPC) run by the USA-based Dalal Family Foundation (DFF) and PNR Society administered Rubella Vaccine to as many as 776 girls / women, examined 63120 school-going children in order to check their ears' and visual defects, organised 2 plastic surgery camps in which 19 children were operated to setright congenital deformity like cleft-lip, cleft-palate and hypospadia and 255 cataract surgeries during August – September 2018. Besides, 980 children / adults were given spectacles free of charge.

### ◈ State-level ICT Experts Felicitated

A unique initiative of Hi-Tech Schools' administration of the PNR Society inviting state-level experts to share their acumen in the field of Information and Communication Technology (ICT) for benefit of the teaching staff and the students has been a marvel. It was a marathon session. The Educationist Shri Nalin Pandit has been the Chief Guest and renowned IT Wizard Dr. Navnitbhai Rathod steered the deliberations. At the end all ICT experts were felicitated.

### ◈ Other Activities

Youth Empower camp by C. P. School, participation in workshop on Padiatric Neuro – Rehabilitation by physiotherapist Dr. Kalpesh Desai, Orientation Workshop organized by Ankur School for Mentally Retarded Children and services of PNR Special Hospital in the area of ortho, ophthal, ENT, Hair-implant, X-ray, Pathology, etc. (5865 beneficiaries during July – August, 2018) have been important and described in details in this issue.

## SPOT LIGHT

### ◈ John Eskenazi Family (UK) Adopts AT&T Technology Park for Two Years

Appreciating the work of imparting computer skills to the disabled by AT&T Technology Park of the PNR Society was awarded donation to take care of yearly expenses of the Park for 2 years (2018-19 and 2019-20). This will enable park to enroll 300 disable trainees. The Impact Foundation (U.K.), our erstwhile partner, has been instrumental in maturing this donation.

પી. એન. આર. સોસાયટીની

# મુંબઈમાં સામાન્ય સભા યોજાય

✍ કિરીટભાઈ રાઠોડ



ભાવનગરની પી.એન.આર. સોસાયટીની વર્ષ ૨૦૧૭-૧૮ની ટ્રસ્ટી મંડળ તથા સામાન્ય સભા તા. ૨૯/૯ ના રોજ મુંબઈમાં મલબાર હિલ ખાતે, શ્રી અશ્વિનભાઈ મફતલાલ મહેતાના બંગલામાં યોજાઈ હતી. આ પ્રસંગે સંસ્થાનો ઓડિટેડ હિસાબ ૨૦૧૭-૧૮, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખિશયાએ તથા સંસ્થાનો વાર્ષિક રિપોર્ટ, 'પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન' દ્વારા સેક્રેટરી જનરલશ્રી પારસભાઈ શાહ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. આ સભામાં શ્રી શશીકાંતભાઈ વાધર (પ્રમુખશ્રી), શ્રી નટવરભાઈ દેસાઈ (પેટ્રન ચેરમેન), શ્રી નરેન્દ્રભાઈ કે. શાહ (ચેરમેનશ્રી), શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા (વાઈસ ચેરમેન), શ્રી ભરતભાઈ પારેખ (વાઈસ ચેરમેન), શ્રી કિરીટભાઈ રાઠોડ (માનદ્ મંત્રીશ્રી), શ્રી પ્રકાશભાઈ દેસાઈ (સહમંત્રી), શ્રી ધીરૂભાઈ ધંધુકિયા (સહમંત્રી), શ્રી ગિરીશભાઈ શાહ (સહ ખજાનચીશ્રી) તથા ટ્રસ્ટીશ્રીઓ સર્વશ્રી વામનભાઈ પારેખ શ્રી અશ્વિનભાઈ મહેતા, શ્રી પ્રતાપભાઈ પારેખ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી મહાસુખભાઈ ઝકડિયા, શ્રી જિતેન્દ્રભાઈ મહેતા વિ. ઉપસ્થિત રહ્યાં હતાં.



ત્યાર બાદ મળેલ **ગેટ ટુ ગેધર**માં વિવિધ વકતાઓએ સંબોધન કર્યું હતું જેમાં સર્વશ્રી બાબાભાઈ (ફાઉન્ડર ટ્રસ્ટી અને સી.ઈ.ઓ.), શ્રી નટવરભાઈ દેસાઈ (પેટ્રન ચેરમેન), શ્રી વામનભાઈ પારેખ (નીલકમલ પ્રા. લિ.) તથા પોતાની વિશિષ્ટ શૈલીમાં પી.એન.આર. ની સેવાકીય પ્રવૃત્તિઓને શ્રી મોહનભાઈ પટેલે (દાતાશ્રી અને પૂર્વ શેરીફ-મુંબઈ) બીરદાવી અને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓને નજરે નિહાળવા ભાવનગરની મુલાકાત લેવાનો ખાસ આગ્રહ કર્યો હતો. જયારે આ પ્રસંગે કી-નોટ એડ્રેસ; સંસ્થાના શુભેચ્છક અને શિક્ષણવિદ શ્રી નરેશભાઈ વેદે (પૂર્વ ઉપકુલપતિ, ભાવ. યુનિ.) આપેલ. જેમાં તેઓએ આ સેવાયજ્ઞમાં જોડાયેલાં સંસ્થાના ટ્રસ્ટી-કાર્યકર્તાઓને ઋષિ-મુનિઓની ઉપમા આપી, સંસ્થાના પારદર્શક વહિવટનો પોતાની અસ્ખલિત વાણીમાં બીરદાવેલ હતો. આ પ્રસંગે ઉપસ્થિત અન્ય મહાનુભાવોમાં સર્વશ્રી હરેનભાઈ સંઘવી (મુંબઈ), શ્રી જીતુભાઈ શાહ તથા શ્રી રાજેશભાઈ હકાણી (ભાવનગર), શ્રી કિશોરભાઈ જોષી (સુરત) તથા બહોળી સંખ્યામાં દાતાશ્રીઓ તથા શુભેચ્છકો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન શ્રી પ્રકાશભાઈ દેસાઈએ તથા આભારવિધિ શ્રી ભરતભાઈ પારેખે કરેલ. જયારે કાર્યક્રમનું સંચાલન શ્રી પારસભાઈ શાહે કરેલ. આ પ્રસંગે યોજાયેલ ભોજન સમારોહના દાતા શ્રી અશોકભાઈ મોદી (મુંબઈ) હતાં.

## રત્નનિધિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિકલાંગોને કપડાની સહાય

રત્નનિધિ ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈ, સેવાકીય ક્ષેત્રે ઉમદા હેતુથી કામગીરી વર્ષોથી બજાવી રહયું છે. જેમાં તેમના ટ્રસ્ટ તરફથી હજારો વિકલાંગોને કૃત્રિમ પગ, મુંબઈમાં ચાર હજાર ઉપરાંત બાળકોને પૌષ્ટિક આહાર તથા જરૂરિયાતમંદોને ૨૦ હજાર ઉપરાંત કપડાની સહાય વિગેરે માનવ સેવાનું ઉત્તમ કાર્ય કરી રહી છે. આ ટ્રસ્ટ દ્વારા પી.એન.આર. અને તેની સંલગ્નિત સંસ્થાઓના વિદ્યાર્થીઓ માટે, તેઓ દ્વારા કુલ ૧૦૦૦ જોડ કપડા મળેલ છે. જે વિદ્યાર્થીઓને આપી દેવામાં આવ્યાં છે.

## આભાર પત્ર


"અમારી સંસ્થામાં તા. ૨૮/૮/૧૮ અને ૨૯/૮/૧૮ ના, આપની સંસ્થામાંથી શ્રી કેતનભાઈ રૂપેરા તથા શ્રી પ્રજ્ઞાબેન ચૌહાણે બહેનોને રૂબેલાની રસી આપી છે. તે માટે આપની સંસ્થાનો આભાર માનીએ છીએ. અમારી સંસ્થામાં ૧૯૮ વિદ્યાર્થીનીઓને રસી મુકેલ છે."

**- લી. એચ. કે. વ્યાસ**, આચાર્ય
શ્રી કે. જી. મહેતા કન્યા વિદ્યાલય, મહુવા

શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળાના માનદ્ મંત્રીશ્રીનો

# યુરોપનો પ્રવાસ

✍ અશ્વિન પંડયા



લંડન થી પેરિસ, 'યુરો સ્ટાર ટ્રેઈન' દ્વારા મુસાફરી કરી. ઈંગ્લીશ ચેનલ નીચે ટનેલ બનાવી, ૩૦૦ કિ.મી.ની ઝડપે, સવા બે કલાકની મુસાફરી. ૧૯૯૪થી છે આ વિકાસ. આપણે હજુ વાતો થાય છે. એફિલ ટાવર, ડિઝનીલેન્ડ, ડિઝની સ્ટુડીયો, રિવર ક્રુઝ, ઐતિહાસિક મેન્યુમેન્ટસ, લીડો શો, કંઈ કેટલાય જોવા લાયક સ્થળ. આપણે ત્યાં આ વિકાસની કલ્પના જ કરવાની રહે. ફ્રાન્સ પછી બેલ્જીયમ, બ્રસેલ્સ, મિની યુરોપ જોવા જેવું. આખા યુરોપના મોન્યુમેન્ટસ એકજ સ્થળે જોવા મળ્યાં. લેજન્ડરી માન્નેકન પીસ સ્ટેચ્યુનો ઈતિહાસ જાણી આશ્ચર્ય ચકિત થઈ જવાય કે એક બાળક માટે કેટલું કરી શકાય ? જાણે આપણે કૃષ્ણ હાઈવે ઉપર જતા હોઈએ તો એડવાન્સ ઈન્ટીમેશન મળે કે આગળ ટ્રાફીક છે ઝડપ ઘટાડો : ડ્રાઈવરો રોડ કલીયર હોય તો પણ સ્પીડ ઘટાડી નાખે. કોઈને કંઈ ઉતાવળ જ નહીં. સિવાય આપણે-જેમ કે જલ્દી જઈએ નહીંતો આ-તે જોવાનું રહી જશે.



નેધરલેન્ડ ખેતીપ્રધાન દેશ. અડધા દેશની જમીન, દરિયાની સપાટી કરતાં નીચી હોવા છતાં, ખેતી કરી શકે તેવી વ્યવસ્થા. સાયકલના રૂટ ઉપર તો ભૂલે-ચૂકેય ન જવાય. કારણ સાયકલીસ્ટો ખૂબ ફાસ્ટ ચાલે અને મોટા ભાગની સાયકલોને બ્રેકની વ્યવસ્થા જ નહીં. ઉભું રહેવું હોય તો અગાઉથી સ્પીડ કંન્ટ્રોલ કરવી પડે. શિસ્ત એવી કે કોઈ વચ્ચે આવેજ નહીં અકસ્માતનો સવાલ જ નથી. એમ્સ્ટર્ડમ શહેર ઉપર ડેમ અને તેની ૧૨૫ જેટલી કેનાલ શહેરમાંથી પસાર થાય, ૧૨૮૧ બ્રીજ અને ૨૫૦૦ હાઉસબોટવાળું શહેર, પણ સ્વચ્છતા એટલીજ સારી. અહિંયા ડ્રગ્ઝ મળે, ડ્રગ્ઝ, સુસાઈડ ઓફિસિયલ, લિમિટેડ પરંતુ ગેરઉપયોગ બીલકુલ નહીં. ડેમસ્કવેર, રોયલ પેલેસ, વોર મેમોરિયલ વેલેન્ડમચીઝ ફાર્મની મુલાકાત અને ઈવનિંગ, કેનાલ ક્રુઝમાં યાદગાર.

જર્મની એક એતિહાસિક દેશ. ૮ કરોડની વસ્તી છતાં સમૃધ્ધિ. ઐતિહાસિક કોલોન કેથેડ્રલની મુલાકાત ગગનચૂંબી આ ઈમારતને બંધાતા ૬૩૨ વર્ષ (૧૨૬૯-૧૮૮૦) લાગ્યાં. જેમાં કોઈ બીમ નથી. બીજા વિશ્વ યુધ્ધમાં ૯૦% શહેર નાશ થયું. પરંતુ આ ઐતિહાસિક - ધાર્મિક - ચમત્કારિક બિલ્ડિંગને આંચ પણ ન આવી - બચી ગયું. વોકસ વેગન અને ઓડી તથા હિટલરના દેશ તરીકે પ્રખ્યાત, જર્મનીના રસ્તાઓ ઉપર પ્લેન ઉતરી શકે. બમ્પ શબ્દની તો યુરોપિયનોને ખબર જ નથી. રહાઈન નદી (૧૩૦૦ કી.મી. લાંબી) બ્લેક ફોરેસ્ટ અને કુકુ કલોક માટે વિખ્યાત.

સાડા આઠ કરોડની વસ્તીવાળો દેશ. સ્વીટઝર્લેન્ડ સૌના જીભે હોય જ. ચોકલેટ અને ઘડિયાળ ઉદ્યોગ વિખ્યાત. આખો દેશ પહાડી પ્રદેશ, પણ બધાંજ રસ્તાઓ પહાડમાં ટનેલ બનાવી સીધા જ બનાવ્યાં. દેશમાં ટનેલ-બંકર-એટલા કે યુધ્ધ જેવી નોબત આવે તો, આખી વસ્તી બંકરોમાં સમાઈ શકે. જોકે તેઓ યુધ્ધ કરવા માંગતા નથી, તેથી તેમની પાસે લશ્કર જ નથી. સ્વીસ ગાર્ડ જગવિખ્યાત અને સર્વશ્રેષ્ઠ. વેટિકન સીટીની સુરક્ષા સ્વીસ ગાર્ડ પાસે છે. અહિંયા ફિલ્મકાર યશ ચોપરાનું સ્ટેચ્યું છે. પહાડ સીધા હોય તો રોડ ન બની શકે ત્યાં, બોગદા બનાવી ટ્રેઈન પહાડ ઉપર અને ગ્લેશિયર સુધી પહોંચાડી. ટોપ ઓફ યુરોપ ૩૪૫૪ મી. ની ઉંચાઈ ઉપર સ્ટેશન. રોપ વે-કેબલકારમાં ૮૦ જેટલી વ્યકિતઓ જઈ શકે. ટેકનોલોજીને નમસ્કાર કરવા પડે. જીનીવા, ઈન્ટર લેકન, કોગ વ્હીલ ટ્રેઈન, આઈસ પેલેસ, ટીટલીસ, સેનિક લ્યુટેન્સ, લાયન, મ્યુઝિયમ, કપલ બ્રૂક જોવા લાયક સ્થળો. યુરોપનો વિકાસ, યુરોપિયનોની બુધ્ધિમતા, શિસ્ત, ધીરજ, જીવન જીવવાની કળા, ઘણું હજુ આપણે શીખવા જેવું. ખબર નહીં આવો માહોલ આપણને કયારે મળશે ? પણ કશું અશકય નથી. ચેરીટી બિગીન્સ ફ્રોમ હોમ, આપણાથી જ શરૂઆત કરવી પડશે.

- ક્રમશઃ

# રાજયકક્ષાના ICT નિષ્ણાંતો સન્માન સમારોહ



ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ કોલેજ કેમ્પસમાં આવેલ હાઈટેક સ્કૂલ (જિલ્લાની એક માત્ર ઈન્કિલુઝીવ શાળા) દ્વારા, ઈન્ફોર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT)ના ઉપયોગ દ્વારા આધુનિક શિક્ષણ જગતને વિનામૂલ્યે સ્વયંઅર્જિત ડિજીટલ જ્ઞાન અર્પણ કરનારા શિક્ષકો, આચાર્યો અને પ્રોફેસરોનો સન્માન સમારોહ, પધારેલ ગુરૂવર્ય શ્રી નલિનભાઈ પંડિત (શિક્ષણવિધ), શ્રી બી.કે. મારૂ (પૂર્વ જિ. શિ. અ.), શ્રી પરેશભાઈ ત્રિવેદી (પ્રિન્સિપાલ, બી.એમ. કોમર્સ), શ્રી પંકજભાઈ ત્રિવેદી (MSI કો-ઓર્ડિનેટર), સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ડૉ. ડી. જે. ધંધુકિયા અને ગુજરાત ભરમાંથી આવેલા ICT ના તજજ્ઞોની ઉપસ્થિતિમાં તા. ૨૩/૯ ના રોજ સંપન્ન થયેલ હતો.

ઉપસ્થિત ICT તજજ્ઞોમાં સર્વશ્રી હરસોરા મેહુલભાઈ, ડૉ. પંચાલ કૃણાલભાઈ, સોની તુષારભાઈ, ભટ્ટ અલ્પેશભાઈ, પરમાર પંકજભાઈ, શાહ કમલેશભાઈ, પ્રજાપતિ મેહુલભાઈ અને પરમાર અનિલભાઈ-પૂર્વીબેનને શાલ ઓઢાડી સન્માન પત્ર તથા શૈક્ષણિક કીટ અર્પણ કરી, સન્માનિત કરાયેલ, જેને હાજર સૌ કોઈએ તાળિઓના ગડગડાટથી વધાવી લીધેલ. સભાના અતિથિવિશેષ શ્રી નલિનભાઈ પંડિતે, પોતાના કી-નોટ વકતવ્યમાં 'સમાજ સેવામાં સુવિખ્યાત અગ્રેસર પી.એન.આર. સોસાયટીના અદ્ભૂત કામની પ્રસંશા કરતાં, શિક્ષણનું ભવિષ્ય ભાંખતા, જૂનું બુનિયાદી શિક્ષણ અને નવું ડિજીટલ શિક્ષણ, જે ડિસેબલ્ડ વિદ્યાર્થીઓને આસિસ્ટીવ ડિવાઈઝ તરીકે ખૂબજ ઉપયોગી છે, તે ચમત્કાર સર્જશે, બધુંજ બધાને પોત-પોતાની રીતે અને સમયે, વિનામૂલ્યે ઉપલબ્ધ થશે, એ પણ આવતા પાંચ જ વર્ષમાં. જેના બીજ પણ બે વર્ષ પહેલાં જ પી.એન.આર. સોસાયટી દ્વારા ICT ના પાયોનિયરને સન્માનિત પ્રોત્સાહિત કરી રોપાઈ ચૂકયાં છે.' શ્રી બી. કે. મારૂ સાહેબે પ્રસંગોચિત ઉદ્બોધન કરેલ. નિવૃત્તિને પ્રોડકટીવ બનાવી, અનેક સન્માન પ્રાપ્ત કરનાર અને આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર ડૉ. નવનીતભાઈ રાઠોડે, સરકારની ગ્રાન્ટ, નિષ્ઠાવાન પરગજુ શિક્ષકોની, રાત-દિવસ પોતાના ખર્ચે-સમયે કામ કરતી ટીમ બનાવી, પાછલી પેઢીના મૂલ્ય-નિષ્ઠ શિક્ષકોના વાવેતરની ફસલ આપણી સામે લણી છે. શાળા શિક્ષણ અને મૂલ્ય શિક્ષણ, બંને આજે સન્માનિત થયા છે. પ્રો. ડૉ. ડી. જે. ધંધુકિયાએ પ્રસંગ પરિચય તથા શ્રી પારસભાઈ શાહે આભારવિધિ કરેલ હતી. તથા પ્રિ. શ્રી હિતેનભાઈ પંડયા અને તેની ટીમે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.






# ‘ફેમિલી ફોરમ’ નો કાર્યક્રમ



પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેઈનિંગ કોલેજ ખાતે, સંસ્થાના કર્મચારીઓના સંતાનો માટે, ‘વિદ્યાર્થી અભિવાદન સમારોહ’નો એક કાર્યક્રમ તા. ૧૯/૮ ના રોજ યોજાઈ ગયેલ. સાથો-સાથ **“કે ફોર કરાઓ કે કલબ”** દ્વારા ટ્રેક પર નવા-જૂના ફિલ્મી ગીતોનો મનોરંજક કાર્યક્રમ યોજવામાં આવેલ. આ સમારોહમાં સંસ્થાના વડીલો સર્વ શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), ઈલાબેન, અશ્વિનભાઈ પંડયા, મફતભાઈ શાહ, પારસભાઈ શાહ, કિરીટભાઈ રાઠોડ, જયશ્રીબેન રાઠોડ, ડૉ. ધીરૂભાઈ ધંધુકિયા, હર્ષકાંતભાઈ રાખશિયા, રાજુભાઈ હકાણી, ડૉ. અશોકભાઈ બારૈયા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉપરોકત સંસ્થાના વડીલો દ્વારા, સંસ્થા પરિવારના સ્માર્ટ બાળકોને, શ્રેષ્ઠ શૈક્ષણિક ઉપલબ્ધિ માટે ઈનામોથી નવાજવામાં આવ્યાં. આ પ્રસંગે ડૉ. ધીરૂભાઈ ધંધુકિયાએ ઉપસ્થિત સર્વોનું, ફેમિલી ફોરમમાં સ્વાગત કરી, પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. ભાવેણાના લાડિલા કલાકાર શ્રી કિશોરભાઈ દ્વારા સ્થાપિત ‘કે ફોર કરાઓ કે’ સંગીત મંડળી દ્વારા, જૂના-નવા મનોરંજક ગીતોનો રંગારંગ કાર્યક્રમ પેશ કરવામાં આવ્યો. જેમાં કલાકારો, સર્વશ્રી કૃપાલી બક્ષી, કીર્તિદેવસિંહ, રેશ્માબેન શાહ, દર્શન પારેખ, અંજલિ ગોસ્વામી, વિજય બૂચ, વિશાલ શુકલ, બંસી પંડયા, પ્રકાશ દવે, કાવ્યા શાહ, પ્રતિપાલસિંહ, અર્ચનાબેન વગેરેએ સૂરિલા ગીતો રજૂ કર્યા હતાં. મનોરંજન પીરસવા પધારેલ કલાકારોને મેમેન્ટો તથા પુષ્પગુચ્છથી ટ્રસ્ટીશ્રીઓ દ્વારા સન્માનિત કરાયેલ. સન્માન કાર્યક્રમનું સંચાલન શ્રી પારસભાઈ શાહ દ્વારા તથા મનોરંજન કાર્યક્રમનું સંચાલન શ્રી યુવરાજસિંહે કરેલ હતું.









# નિરામયાની માહિતી અને માર્ગદર્શનનો ફ્રી નિદાન કેમ્પ



તા. ૧/૧૦ ના રોજ ગિરિવિહાર ટ્રસ્ટ પાલિતાણા સંચાલિત, આર.એમ.ડી. હોસ્પિટલ અને જયા રિહેબિલિટેશન ઈન્સ્ટીટયુટ આયોજિત પાલિતાણામાં, સૌ પ્રથમવાર સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવાવાળા) તથા જન્મજાત ખોડખાપણવાળા બાળકો માટે વિનામૂલ્યે માહિતી અને માર્ગદર્શન કેમ્પ યોજવામાં આવેલ હતો. આ કેમ્પમાં મુંબઈથી આવેલ ડૉ. હાર્દિક દેસાઈ (બાળકોના હાડકાના રોગોના નિષ્ણાંત), ડૉ. વિરેન્દ્ર શાન્ડીલ્ય, ડૉ. મુકેશ દોશી, ડૉ. તૃપ્તિ કોટડીયા, ડૉ. ચંદુ ભૂતા (ફિઝીયોથેરાપીસ્ટ) ના કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કેમ્પની સાથો-સાથ વાલીઓને વિકલાંગ બાળકોની સ્વાસ્થ્યની જાણવણીના ભાગરૂપે નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચાલતાં **'નિરામયા હેલ્થ પોલિસી'** ની માહિતી તથા માર્ગદર્શન આપવાનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ભાવનગરની પી.એન.આર. સોસાયટીના શ્રી નરેશભાઈ અજમેરા તથા શ્રી હિતેશભાઈ ઓઝાએ નિરામયા હેલ્થ પોલિસીની માહિતી તથા માર્ગદર્શન આપ્યું હતું.

આ કેમ્પને સફળ બનાવવા પી.એન.આર. સોસાયટી સંચાલિત, પાલિતાણા રિસોર્સ સેન્ટરના શ્રી હર્ષાબેન પાડલિયા તથા આર.એમ.ડી. હોસ્પિટલના શ્રી દિપાલીબેન સોની તથા હોસ્પિટલના અન્ય સહકર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.



# પાર્કિન્સન્સ દર્દીઓનો પ્રવાસ



પી.એન.આર. સોસાયટી ભાવનગરમાં શ્રી બી. કે. પારેખ, પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ, ભાવનગર ચેપ્ટરમાં પાંચ વર્ષોથી પાર્કિન્સન્સ ડિસીઝ (કંપવાના વ્યાધિ) ના દર્દીઓ અઠવાડિયામાં બે વાર તજજ્ઞ ફિઝીયોથેરાપીસ્ટના માર્ગદર્શન નીચે કસરત કરી, અસાધ્ય બિમારીને સ્વિકારી, આનંદ-પ્રમોદમાં રહેવાનો મહાવરો કરે છે. પીડિલાઈટ-ઈન્ડ. મુંબઈના સૌજન્યથી, દર્દી કલ્યાણ ફંડમાંથી આ વર્ષે પણ, સૌરાષ્ટ્રના પ્રાચીન યાત્રાધામ ગોપનાથ મહાદેવના દર્શન અને ઝાંઝમેરની ચોપાટીની સહેલગાહનો તા. ૩૦/૯ ના રોજ લાભ લીધેલ હતો. સિનીયર સિટીઝનનો રંગીન મીજાજ અને હર્ષોલ્લાસ એ છૂપાવવામાં સફળ થયો કે તેઓ પાર્કિન્સન્સના દર્દીઓ છે.

# મુલાકાતીનો અભિપ્રાય

અત્રેની પી.એન.આર. સંસ્થાની મુલાકાત, આજ તા. ૯/૮ ના રોજ મહિલા સશકિતકરણ પખવાડિયા નિમિત્તે લેવામાં આવી. સી.પી. સ્કૂલની પ્રવૃત્તિ ખૂબજ સુંદર પ્રસંશનિય છે. શુભેચ્છા સહ.

**- શ્રીમતી વી.જે.જોષી, એસ.ડી.ઓ., ભાવનગર, શ્રીમતી જે.બી ત્રિવેદી, પ્રોટેકશન ઓફિસર, શ્રીમતી વી.ડી.બગડા, પ્રોબેશન ઓફિસર**

# વિકલાંગ બાળકો દ્વારા ભવ્ય સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી

પી.એન.આર. સોસાયટી, ભાવનગર સંચાલિત, ‘નટરાજ સેરિબ્રલ પાલ્સી (મગજનો લકવા) ધરાવતાં બાળકોના વિશિષ્ટ શિક્ષણ અને તાલીમ તથા સાર-સંભાળ માટેની શાળા’ તથા હાઈટેક સ્કૂલ દ્વારા, નટરાજ કોલેજ ખાતે આવેલ, શાળાના પ્રાંગણમાં તા. ૧૫ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ વિકલાંગ બાળકો દ્વારા ‘સ્વાતંત્ર્ય પર્વ’ ની ભવ્ય ઉજવણી થઈ હતી. કાર્યક્રમની શરુઆતમાં, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે અતિથિ વિશેષનો પરિચય આપી સ્વાગત કરેલ. ત્યારબાદ સંસ્થા સાથે વર્ષોથી જોડાયેલ, શ્રી નવનીતભાઈ રાઠોડ (રીટા. પ્રોફેસર, શિક્ષણ વિભાગ, એમ.કે. ભાવનગર યુનિવર્સિટી) ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન પરેડનો કમાન્ડ, શ્રી લાલજીભાઈ પંડયાએ સંભાળેલ હતો. સંસ્થાના મગજના લકવાવાળા બાળકો, તથા હાઈટેક સ્કૂલના બાળકો, વાલીઓ, વિશિષ્ટ શિક્ષકો, ટ્રસ્ટીગણ, કર્મચારીગણ વગેરેએ, રાષ્ટ્રગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. સી.પી. સ્કૂલના પ્રિન્સીપાલ શ્રી જીજ્ઞાબેન શાહ તથા હાઈટેક સ્કૂલના શિક્ષકો દ્વારા જહેમત લઈ, તાલીમ આપેલ, વિશિષ્ટ બાળકોએ, દેશભકિતના નૃત્ય ગીતોની પ્રસ્તુતિ કરી હતી.

રીચિંગ ટુ અનરિચ્ડ પ્રોજેકટ, નિલકમલ લિ. મુંબઈ,



ડાઈગો એન્ટરપ્રાઈઝ અને રત્નનિધિ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા અપાયેલ સાધન સહાય, વાહન સહાય, રમત-ગમતના સાધનો, વ્હીલચેર, શૈક્ષણિક કીટ અને કપડાંનું વિતરણ સંસ્થાના ટ્રસ્ટીશ્રી સર્વશ્રી બાબાભાઈ, કિરીટભાઈ રાઠોડ, એચ.પી. રાખશિયા, ડી. જે. ધંધુકિયા, એ.જી. તન્નારાણા, મફતભાઈ, અશ્વિનભાઈ પંડયા વિગેરે દ્વારા **“ઈન્કલુઝીવ”** વિદ્યાર્થીઓને કરવામાં આવ્યું હતું. શિક્ષણવિદ્ શ્રી નવનીતભાઈ રાઠોડે પ્રાસંગિક પ્રોત્સાહક પ્રવચન કરેલ હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ તથા આભારવિધિ શ્રી હિતેનભાઈ પંડયાએ કરેલ હતી.

## શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં ISL (ઈન્ડિયન સાઈન લૅંગ્વેજ)નો અભ્યાસક્રમ (તાલીમ)

સાઈન લેંગ્વેજ એ શ્રવણમંદ બાળકોની માતૃભાષા છે. શ્રવણમંદ બાળકોની સાઈનને સરળતાથી સમજવા અને બાળકોને સાઈન લેંગ્વેજનું જ્ઞાન આપવા, શિક્ષકોને તૈયાર કરવાના હેતુથી શાળામાં ISL A Level બાદ ISL B Level નો કોર્સ શરૂ થયો છે. આ કોર્સના ટીચર શ્રી રજનીશ તિવારી કે જેઓ ઈન્દોરથી અહીં આવ્યા છે અને ત્રણ મહિના અહીં રહી શિક્ષકોને તાલીમ આપશે. મૂળ મધ્ય પ્રદેશ (રેવા) ના રહેવાસી રજનીશ તિવારીએ (શ્રવણમંદ) ISL A Level અને ISL B Level કોર્સ પાસ કરેલ છે. ISL C Level ની પરીક્ષા આપેલ છે, તેમજ B. Com. માં ઉત્તીર્ણ થઈ, B. ed. (HI) કોર્સમાં પ્રવેશ લીધેલ છે. કુલ ૩૬૦ કલાકની આ તાલીમ લેનાર શિક્ષકોને અભિનંદન...શુભેચ્છા...


આપનું દાન એક વિકલાંગનું ભવિષ્ય બદલી શકે છે
80G હેઠળ 50% કરમુક્તિને પાત્ર છે.

કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટિ (CSR) હેઠળ
આ સંસ્થાને દાન આપી શકાય છે



• ચેક "PNR SOCIETY, ભાવનગરના નામનો મોકલવો.
• ઈલેકટ્રોનિક ફંડ ટ્રાન્સફર માટે S.B. A/c. No. 56009062961, SBI કૃષ્ણનગર શાખા, ભાવનગર. (IFS CODE: SBIN0060009)

P.N.R. SOCIETY

HEAD OFFICE
Natraj Research Center & Training College Campus,
Nr. Sardar Patel School, Kaliyabid,
Bhavnagar - 364002 (Gujarat) INDIA.
Tel. : (0278) 2570126, 2470232
E-mail : info@pnrsociety.org / paras.shah@pnrsociety.org
Visit us : www.pnrsociety.org


MUMBAI OFFICE
108, Arun Chambers,
Tardeo Road, MUMBAI-400 034
Tel. (022) 2352 4649
Natwarbhai Desai,
M. : 09321421192
E-mail : pnr.societymumbai@gmail.com

THE LARGEST COMMUNITY BASED INSTITUTE FOR THE DISABLED



# સંક્ષિપ્ત સમાચાર

પારસ શાહ



## PNR - Pravinchandra Dalal Disability Prevention Centre

### રૂબેલા ( નૂરબીબી ) પ્રિવેન્શન :-



પી.એન.આર. સોસાયટી તથા ધ દલાલ ફેમેલી ફાઉન્ડેશન, યુ.એસ.એ. દ્વારા સંચાલિત, પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટરના રૂબેલા પ્રિવેન્શન પ્રોજેકટના સ્પોન્સર ECHJAY Industries - Mumbai દ્વારા, 'વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન-રૂબેલા પ્રિવેન્શન પ્રોજેકટ', વર્ષ ૨૦૧૮ - ૧૯ ના ઓગષ્ટ થી સપ્ટેમ્બર-૨૦૧૮ દરમ્યાન ભાવનગર જિલ્લાના સિહોર, મહુવા, પાલીતાણા, ગારિયાધાર વિગેરે તાલુકાનાં ગામની હાઈસ્કૂલ તથા કોલેજમાં રૂબેલા રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. તેમાં **૨૫૯૩** બહેનોને અવેરનેસ આપી **૭૭૬** બહેનોને રૂબેલા રસીકરણ કરી સુરક્ષિત કરવામાં આવ્યાં. વિશેષ રૂપે ભાવનગરના પશ્ચિમ વિસ્તારનાં ધારાસભ્ય તેમજ ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણીના જન્મદિવસ નિમીત્તે, શહેરના હાદાનગર વિસ્તારમાં સર્વરોગ નિદાન કેમ્પમાં રૂબેલા રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. તેમાં સંસ્થાનાં મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ તેમજ ટ્રેઝરર શ્રી હર્ષકાન્તભાઈ રાખશીયા પણ ઉપસ્થિત રહીને ઉત્સાહ પૂરો પાડેલ.

### ડેફનેસ - બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ :

ઓગષ્ટ થી સપ્ટેમ્બર - ૨૦૧૮ દરમ્યાન, પી.એન.આર. સોસાયટી પ્રિવણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અન્વયે, અંધત્વ અને બહેરાશ કાર્યક્રમ અંતર્ગત, ભાવનગર જિલ્લાનાં સિહોર, તળાજા તાલુકાની કેન્દ્રવર્તી શાળા તથા તેની પેટાશાળાઓના બાળકોની આંખ અને કાનની તપાસ કરીને **૬૩૧૨૦** બાળકોની તપાસ, ઈ-ચાર્ટ કરી આંખ તપાસવામાં આવી હતી. તેમાંથી દૂરનું ન દેખાતું હોય તેવા



બાળકોને, મેન્યુઅલ કીટ દ્વારા અલગ-અલગ લેન્સ દ્વારા પ્રોપર નંબર કાઢી આપવામાં આવ્યાં હતાં. તેમજ બાળકોનાં કાન ઓટોસ્કોપથી તપાસી, કાનમાં રસી આવતી હોય તેવા બાળકોનાં ફોર્મ ભરી, આગળની કાર્યવાહી કરવામાં આવી. આંખને લગતી તકલીફવાળા **૩૭૯** બાળકો તથા કાનને લગતી તકલીફવાળા **૧૪૦૩** બાળકો જોવા મળ્યાં હતાં. જેમાંથી આંખ ત્રાંસી હોય, પાંપણ ઢળેલી હોય, કપાયેલાં હોઠ કે તાળવામાં કાણું હોય તેવા તથા કાનના પડદામાં કાણું હોય તેવા બાળકોને અને ઓછું સંભળાતું હોય તેવા બાળકોને પી.એન.આર. હોસ્પિટલ ખાતે વધુ સારવાર તથા નિદાન અને ઓપરેશન માટે રીફર કરેલ. જેઓને સંસ્થા દ્વારા વિનામૂલ્યે જરૂરી સારવાર તથા વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવે છે. આ કવાર્ટર દરમિયાન **૧૪** કાનનાં ઓપરેશન કરેલાં તેમાં Tympanoplasty નાં **૧૦** તથા Mastoidectomy નાં **૪** ઓપરેશન, ડૉ.અશોક બારૈયા (ઈ.એન.ટી. સર્જન) દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવ્યા હતાં.

### પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-

ઓગષ્ટ થી સપ્ટેમ્બર - ૨૦૧૮ બે **પ્લાસ્ટીક સર્જરી કેમ્પ**નું આયોજન **શ્રી જયંતભાઈ વાનાણી (બુધાભાઈ પટેલ) તથા શ્રી નટવરભાઈ મેઘજીભાઈ પટેલ, અમદાવાદ** નાં સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૬૪** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ **૧૯** બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૪ કપાયેલાં હોઠના, ૫ તાળવામાં કાણાંના ૪** હાઈપોસ્પીડિયા, તેમજ **૬** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ

વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહયાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાઘવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો.

### મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-

ઓગષ્ટ થી સપ્ટેમ્બર - ૨૦૧૮ દરમ્યાન, પી.એન.આર. હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. પી.એન.આર. હોસ્પિટલનાં આંખ વિભાગમાં **૧૧૨૫** ની ઓ.પી.ડી. કરવામાં આવી. જરૂરિયાતમંદ લોકોને દવા, ટીપાં વગેરે વિતરણ કરેલ હતું. **૧૩૦** લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૧૨૫** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૩૮** દર્દીઓને છારી કાઢી આપવામાં આવી હતી.

### વિનામૂલ્યે ચશ્મા વિતરણ :-

ભાવનગર પશ્ચિમનાં ધારાસભ્ય તેમજ ગુજરાત રાજય




ભાજપના અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીના જન્મદિવસ નિમિત્તે, ભાવનગરના આર્થિક રીતે પછાત વિસ્તાર એવા હાદાનગરમાં 'સર્વરોગ નિદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આપણે અંધત્વ નિવારણ અન્વયે બે-તાળા ચશ્માનું વિનામૂલ્યે વિતરણ કરવાનું આયોજન હતું. તેમાં અગ્રણી સાધુ-સંતો તેમજ ભાવનગર શહેરનાં અગ્રણી ઉદ્યોગપતિઓની તથા પી.એન.આર. સોસાયટીનાં મંત્રીશ્રી કિરીટભાઈ રોઠોડ તેમજ ટ્રેઝરરશ્રી હર્ષકાન્તભાઈ રાખશીયા પણ ઉપસ્થિત રહયાં હતાં. કેમ્પમાં જરૂરિયાતમંદ **૯૮૦** લાભાર્થીઓને બે-તાળા ચશ્મા વિતરણ કરવામાં આવ્યાં હતાં.



# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### સરકસના શોનું આયોજન



તા. ૧૧/૮ ના રોજ 'રોટલા ગ્રૂપ' ના સભ્યો દ્વારા, નટરાજ સી.પી. સ્કૂલ અને તેને સંલગ્ન પ્રોજેકટના બાળકોના મનોરંજન માટે, સરકસના શો નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકસમાં હાથી દ્વારા રમાતી ક્રિકેટ મેચ, શારીરિક કવાયતો, તેમજ સાયકલ પરની કરતબો જોઈને, બાળકો અચંબિત થઈ ગયા હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી કાર્તિકભાઈ વ્યાસ તથા તમામ સ્ટાફે જહેમત ઉઠાવેલ.

### રક્ષાબંધન પર્વની ઉજવણી

તા. ૨૪/૮ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ તથા સંલગ્ન પ્રોજેકટમાં રક્ષાબંધન પર્વની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લાયન્સ કલબ, ભાવનગર વેસ્ટ તથા લાયોનેસ કલબ, ભાવનગરના સભ્યોએ બાળકો દ્વારા રાખડી બંધાવીને, કાર્યક્રમનો શુભારંભ કરેલ. બાળકોએ ખુબજ ઉત્સાહથી રક્ષાબંધનની ઉજવણી કાર્યક્રમમાં ભાગ લીધેલ. કાર્યક્રમ બાદ મહેમાનશ્રી દ્વારા બાળકોને ફૂડ પેકેટની વ્યવસ્થા પણ કરવામાં આવેલ.

## રીસોર્સ સેન્ટરમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

સી.પી.સેન્ટર-વિદ્યાનગર, તળાજા, મહુવા, પાલિતાણા, અને સિહોર સેન્ટર ખાતે, તા. ૨૫/૮ ના રોજ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવેલ. સી.પી. સેન્ટર-વિદ્યાનગર ખાતે કે.કે.અંધઉદ્યોગ શાળાના વિદ્યાર્થીઓ સાથે માનદ્ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, કે.કે. બ્લાઈન્ડ સ્કૂલના માનદ્ મંત્રીશ્રી લાભુભાઈ સોનાણી, આચાર્યશ્રી ઘનશ્યામભાઈ બારૈયા તથા શિક્ષક ગણની ઉપસ્થિતીમાં સેન્ટરના બાળકો તથા વાલીઓ દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.

## ટુવર્ડઝ એન એમ્પાર્વમેન્ટ સોસાયટી વિષય પર 'ઉડાન - યુથ એમ્પાવરમેન્ટ કેમ્પ'




તા. ૨૫/૮ ના રોજ ડેવલપમેન્ટ, ઓપોર્ચ્યુનિટી, રીસોર્સિસ, એક્સેસ અને ઈનસાઈટ, ચેન્નઈ દ્વારા, નટરાજ સી.પી. સ્કૂલ, પી.એન.આર. સોસાયટીના યજમાન પદે, 'ઉડાન - યુથ એમ્પાવરમેન્ટ કેમ્પ' ટુવર્ડઝ એન એમ્પાર્વમેન્ટ સોસાયટી વિષય પર એક દિવસીય ફ્રી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં **૨૫** બાળકોએ લાભ લીધો હતો. જેમાં તજજ્ઞ તરીકે શ્રી સુમિત્રામેમ પ્રસાદ, શ્રી ક્રિશ્ના આનંદ, શ્રી નિષ્ઠા ઠાકરે પોતાની સેવા આપેલ. સમગ્ર કાર્યક્રમને માઈક્રોસાઈન કંપનીના ફાઉન્ડર નિશિથભાઈ મહેતા દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ. આ કેમ્પનો હેતુ દિવ્યાંગ યુવક-યુવતીઓના મનોરંજન અર્થે, ઉપાર્જનની પ્રવૃત્તિઓ શિખવવાનો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીગણ ખાસ ઉપસ્થિત રહેલ.

## જન્માષ્ટમી પર્વની ઉજવણી

તા. ૩૧/૮ ના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ, તેને સંલગ્ન પ્રોજેક્ટ તથા હાઈટેક પ્રાઈમરી સ્કૂલ દ્વારા, 'ઈન્કલ્યુઝિવ જન્માષ્ટમી પર્વ' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૃષ્ણનાં અનેક સ્વરુપો તાદ્રશ્ય દેખાય એવી વેશભૂષા સ્પર્ધા પણ બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. શ્રી કૃષ્ણ બાળસ્વરૂપને ઝુલો ઝૂલાવ્યાં બાદ, બાળ-ગોપાલો દ્વારા મટકી ફોડવામાં આવી



હતી. 'નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયા લાલ કી...'ના નાદ સાથે વાતાવરણ ગુંજી ઉઠયું હતું. આ પ્રસંગે શ્રી પ્રફુલાબેન ત્રિવેદી દ્વારા આ કાર્યક્રમને સ્પોન્સર કરવામાં આવેલ. દિવ્યાંગ તથા સકલાંગ વિદ્યાર્થીઓએ કાર્યક્રમને અનુરૂપ ઉત્કૃષ્ટ કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે બંને શાળાનો સ્ટાફ તથા સંસ્થાના હોદ્દેદારો સર્વશ્રી બાબાભાઈ, શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી એચ.પી. રાખશિયા વિગેરે ઉપસ્થિત રહયાં હતાં.

## સ્વચ્છતા યજ્ઞમાં સહભાગીદારી



તા. ૧૫/૯ ના રોજ, દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ની જાહેરાત અનુસાર, 'સ્વચ્છતા સપ્તાહ અભિયાન' અંતર્ગત, 'નટરાજ' સી.પી.સ્કૂલનાં બાળકોને શાળા વર્ગ તથા મેદાનમાં સાફ-સફાઈ કરવાની તક આપેલ. જેમાં ક્ષમતા ધરાવતા બાળકો એ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ.


## વર્કશોપ

Ncore દ્વારા તા. ૨૨ અને ૨૩ સપ્ટેમ્બર`૧૮ ના રોજ, Dr. MGR University, Chennai ખાતે "Pediatridc Neuro-Rehabilitaion" વિષય પર બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. કલ્પેશભાઈ દેસાઈને મોકલવામાં આવેલ. આ વર્કશોપમાં Rehabilitaion in Neurological Hearing Impairment, Cerebral Palsy, Epilepsy At Neuro-Development Theraphy, Motor Speech Disorders, Vision Impairment Fine Motor and Co-Ordination etc. જેવા વિષય પર પ્રેક્ટિકલ અને થિયરોટીકલ માર્ગદર્શન અને તાલીમ પુરી પાડવામાં આવેલ. આ તાલીમની મદદથી સી.પી. સ્કૂલ તથા અન્ય પ્રોજેકટના બાળકોને Functional Activities માં મદદ મળી શકે અને Tranjection જાળવી રાખવામાં ઉપયોગી બનશે. આ વર્કશોપની વિશિષ્ટતા Differant type of Technology, Rehabilitaion and Family Support જેવા અગત્યના વિષય પર સ્પેશયાલિસ્ટનું માર્ગદર્શન હતું.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

**જૂલાઈ-'૧૮ અને ઓગસ્ટ-'૧૮ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૬૧૨ | ૨૭ (૫ પોલિયો) | જનરલ ઓપીડી | ૧૫૭૭ | - |
| આંખ | ૧૧૯૬ | ૨૯૨ | એક્ષ-રે | ૨૬૯ | - |
| ઈ.એન.ટી. | ૯૭૩ | ૨૧ | લેબોરેટરી | ૬૬૯ (દર્દી) | ૧૭૫૪ (ટેસ્ટ) |
| ઓર્થોસ્કોપી | ૬૩ | ૦૧ | રસીકરણ | ૧૮ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૪૪ | ૨૪ | રૂબેલા | ૫૩ | - |
| લેસર ટ્રીટમેન્ટ | ૨૦ | - | ચામડી | ૯૨ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૮ | ૦૪ | ઓરલ સર્જન | ૨૩ | ૦૭ (૧ મેજર ઓપ.) |
| ઓર્થો ડેન્ટલ | ૨૩૮ | ૧૯૭ | | | |

પી.એન.આર. હોસ્પિટલમાં પ્લાસ્ટિક સર્જરી કેમ્પ દરમ્યાન, દર્દી **ભૂમિકાબેન સતીષભાઈ ગોહિલ, ઉ.વ. ૧૭ ભાવનગર.** તેઓ દાજી જવાથી ડોકની ચામડી ચોટી ગયેલ. તેની તકલીફને લીધે ડોકની મુવમેન્ટ અટકી ગયેલ પ્લાસ્ટિક સર્જન ડૉ. નરેશ વાઘવા સાહેબે દાજી ગયેલ ચામડી કાઢી, નવી ચામડી સાથળમાંથી લઈ, પ્લાસ્ટિક સર્જરી કરેલ અને ડોકને ઓરીજનલ આકાર આપી, ડોકની મુવમેન્ટ ફરીથી શરૂ કરેલ. ઓપરેશનને સફળ બનાવવા પ્લાસ્ટિક ડૉ. નરેશ વાઘવા, એનેસ્થેટિક ડૉ. મેહુલ મોદી તથા ડૉ. નિરવ ધોળકિયા તથા હોસ્પિટલ સ્ટાફ રાજેશભાઈ ઉપાધ્યાય તથા દક્ષાબેન રાજપુરાએ જહેમત ઉઠાવેલ.




## ભાવનગરના રાજવીશ્રી વિજયરાજસિંહજી PNR હોસ્પિટલની મુલાકાતે


સંસ્થાની પી.એન.આર. હોસ્પિટલમાં તા. ૨૯/૯ ના રોજ ભાવનગરના રાજવીશ્રી વિજયરાજસિંહજી ગોહિલ; તેમના ખાસ મિત્ર તથા સંસ્થા સાથે વર્ષોથી જોડાયેલાં ત્રાંસી આંખના ડૉ. જનક શાહ તથા તેમના પત્ની ડૉ. પ્રીતિ શાહ વગેરે, 'લેડી એગ્રોમેન્ટ પીડિયાટ્રીક ઓપ્થલ્મિક સેન્ટર' માં બાળકોની આંખોને લગતાં દર્દોના નિવારણ માટેના કેમ્પનું આયોજન હોય, ખાસ ઉપસ્થિત રહયાં હતાં. પી.એન.આર. હોસ્પિટલની પ્રવૃત્તિઓ તેમજ કેમ્પમાં આવેલાં બાળકોને જોઈને રાજવીશ્રી વિજયરાજસિંહજી ગદગદિત થયા હતાં અને તેમના પૂર્વજોએ આપેલી જગ્યામાં થતાં સામાજિક કાર્યો જોઈ, ખૂબજ હર્ષની લાગણી અનુભવી હતી.






# સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. ધીરુભાઈ ધંધુકિયા



## 'હાઈટેક' બાલમંદિર અને પ્રાયમરી સ્કૂલ

### ગેસ્ટ વિઝિટ

તા. ૦૮-૮ ના રોજ હાઈટેક સ્કૂલમાં શ્રી નિષ પરીખ અને એમની ટીમ, યુ.એસ. થી વિઝિટ માટે આવી હતી.

### શૈક્ષણિક પ્રવાસ

તા. ૦૯-૮ ના રોજ હાઈટેક સ્કૂલમાં, બાલમંદિર તથા ધો. ૧નો ખોડિયાર મંદિર તથા ગૌતમેશ્વર સ્થળે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

### શૈક્ષણિક પ્રવાસ

તા. ૧૦-૮ ના રોજ ધો. ૨ થી ૧૧ના બાળકોને શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો, જેમાં તેઓને ભગુડા, ધારડી આશ્રમ, ઊંચા કોટડા તથા બગદાણા લઈ જવામાં આવ્યા હતાં.

### કપડાંનું વિતરણ

તા. ૧૬-૮ ના રોજ મુંબઈ રત્નનિધિ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી મળેલ નવા કપડાં હાઈટેક સ્કૂલના બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં દરેક જરૂરિયાતમંદ બાળકોને સાઈઝ મુજબ, ૧૫૬ કપડાંઓનું વિતરણ ૧૫મી ઓગસ્ટના દિવસે કરવામાં આવેલ.

### ચિત્ર સ્પર્ધા

તા. ૧૮-૮ ના રોજ સ્કૂલમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

### પિંક ડે ની ઉજવણી

તા. ૨૦-૮ ના રોજ 'પિંક ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્કૂલના દરેક બાળકો તથા શિક્ષકોએ અને આચાર્ય હિતેનભાઈ પંડયાએ પણ પિન્ક કલરનો પહેરવેશ પહેર્યો હતો.

### રાખી સ્પર્ધા

તા. ૨૪-૮ ના રોજ 'રાખી મેકિંગ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાઓના વિદ્યાર્થીઓએ જુદી-જુદી વસ્તુઓનો ઉપયોગ કરી પોતાના સ્વહસ્તે રાખડીઓ બનાવી હતી. આ સ્પર્ધામાં બાલમંદિર તથા ધો. ૧ થી ૧૧ ના બાળકોએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.

### રક્ષાબંધનની ઉજવણી

તા. ૨૫-૮ ના રોજ, રક્ષાબંધનના પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાલમંદિર થી ઉચ્ચતર માધ્યમિક ધોરણ સુધીના કલાસની બહેનોએ પોતાના કલાસના ભાઈઓને રાખડી બાંધી હતી. ત્યાર બાદ સ્કૂલ તરફથી દરેક બાળકોને ચોકલેટ આપી મોં મીઠું કરવામાં આવ્યું હતું.

### જન્માષ્ટમીની ઉજવણી

તા. ૩૧-૮ ના રોજ જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ દ્વારા ડાંસ રજૂ કરવામાં આવ્યો હતો, ધો. ૬ થી ૧૧ ની બહેનો દ્વારા 'ગૌરી રાધાને કાળો કાન' નો ડાંસ તથા ધો. ૬ થી ૧૧ ના ભાઈઓ દ્વારા 'છોગાળા તારા' નો ડાંસ રજૂ કરવામાં આવ્યો હતો.

## પી.એન.આર. સોસાયટીનું નવું સરનામું

અમારી સંસ્થાના કાર્યાલયનું સ્થળ, ૫૧, વિદ્યાનગરના બદલે, કાળિયાબીડમાં સરદાર પટેલ સ્કૂલ, પાસે ફેરવલ છે, તો અમારી આવતી બધીજ ટપાલો નીચેના સરનામે મોકલવા યોગ્ય કરશો. અને નયનરમ્ય પરીસરની અવશ્ય મુલાકાત લેશો.

**નવું સરનામું :** શ્રી પી.એન.આર. સોસાયટી, નટરાજ રીસર્ચ સેન્ટર એન્ડ ટ્રેઈનિંગ કોલેજ કેમ્પસ, સરદાર પટેલ સ્કૂલની પાસે, કાળિયાબીડ, ભાવનગર-૩૬૪૦૦૨, ફોન નં. : ૦૨૭૮-૨૫૭૦૧૨૬, ૨૪૭૦૨૩૨.

## કવી હૃદયી, પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. શ્રી અટલ બિહારી બાજપેયી



ટુટે હુએ સપનો કી કૌન
સુને સિસકી,
અન્તર કી ચીર વ્યથા
પલકો પર ઢિઠકી,
હાર નહીં માનૂંગા,
રાહ નહીં ઢાંનૂંગા,
કલ કે કપાલ પે,
લિખતા મિટાતા હૂં,
ગીત નયા ગાતા હૂં.

બાધાએ આતી હૈ, આએ,
ધીરે પ્રણય કી ઓર ઘટાએ,
પાવો કે નીચે અંગારે,
સિર પર બરસે યદિ
જવાલાએ,
નિજ હાથો સે હસતે હસતે,
આગ લગાકર ચલના હોગા,
કદમ મિલાકર ચલના હોગા.

**- અટલ બિહારી બાજપેયી**



# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેક્નોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### જહોન એસ્કેન્જી ફેમીલી (યુ.કે.) નું આર્થિક યોગદાન

પી.એન.આર. સોસાયટી સંચાલિત, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક માં વિકલાંગ ભાઈઓ માટે કોમ્પ્યુટર તાલીમ આપવામાં આવે છે. બહારગામના તાલીમાર્થીઓ માટે અહીં હોસ્ટેલ પણ ઉપલબ્ધ છે. વિકલાંગ તાલીમાર્થીઓ કોમ્પ્યુટર તાલીમ મેળવી, નોકરી મેળવી શકે અને સ્વનિર્ભર બને એવો આ વિભાગનો મુખ્ય હેતુ છે. આ વિભાગનું બજેટ વાર્ષિક ૧૨ થી ૧૫ લાખ રુપિયાનું છે. એ ઉપરાંત વિભાગમાં નવા કોમ્પ્યુટર ખરીદવા, મેઈન્ટેનન્સ, વહીવટી ખર્ચ, ફેકલ્ટી ખર્ચ તથા હોસ્ટેલનો ખર્ચ વિગેરે પણ ખૂબ થાય છે. આ આર્થિક જરુરિયાત માટે સંસ્થા દ્વારા સંસ્થાના શુભેચ્છક જ્હોન એસ્કેનજી ફેમીલીને, ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. મારફ્ત દરખાસ્ત મોકલવામાં આવેલ. ગત વર્ષોની કામગીરીથી પ્રભાવિત થયેલ દાતાશ્રીએ, વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં ખર્ચને પહોંચી વળવા માટે દાન આપી, આર્થિક યોગદાન આપેલ છે. આ યોગદાન બદલ સંસ્થા ઈમ્પેકટ ફાઉન્ડેશન તથા જ્હોન એસ્કેનજી ફેમીલી, યુ.કે.ની ઋણી અને તેમની આભારી છે. તેમણે મોકલેલ સહાયથી બે વર્ષ દરમ્યાન વિવિધ કોર્સમાં ૩૦૦ જેટલા વિકલાંગ ભાઈબહેનોનું એનરોલમેન્ટ શકય બનશે.

### તાલીમાર્થીઓને કપડાનું વિતરણ....

એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના તમામ તાલીમાર્થીઓ માટે, 'રત્નિનીધી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ' દ્વારા પેન્ટ, શર્ટ વિગેરે ભેટ સ્વરૂપે મોકલવામાં આવેલ. કુલ ૩૦ તાલીમાર્થીઓ માટે કપડા મળેલ, તે કપડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ.



### બહેરાં-મૂંગા શાળાની મુલાકાતે....

એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના વિવિધ કોમ્પ્યુટર કોર્સ માં તાલીમ મેળવતા વિકલાંગોએ ખી.લ. બહેરા મૂંગા શાળાની મુલાકાત લીધી હતી. શ્રવણમંદો, શાળામાં શિક્ષણ અને વ્યવસાયિક તાલીમ કઈ રીતે મેળવે છે, તે જાણકારી આપવાનો મુલાકાતનો મુખ્ય હેતુ હતો. મુલાકાત દરમ્યાન શાળાના વર્ગખંડો, પ્રાર્થનાખંડ, લાઈબ્રેરી, ઓડિયોલોજી વિભાગની મુલાકાત લીધી હતી.






પી.એન.આર. સોસાયટી સંચાલિત, સી.પી. સ્કૂલ દ્વારા તા. ૨૭/૯ અને ૨૮/૯ બે દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૪૧ વિદ્યાર્થીઓ, ૧૦ સ્ટાફ, ૭ વાલીઓ જોડાયેલ હતાં. સરદાર સરોવર, રાજપીપળા, પોઈચા, મણીલક્ષ્મીતીર્થ જેવા સ્થળોની મુલાકાત દ્વારા, બાળકોએ, જ્ઞાન સાથે કુદરતી સૌંદર્યનો આનંદ પ્રાપ્ત કરેલ. પ્રવાસને સફળ બનાવવા સંસ્થાના કર્મચારી શ્રી જયોતીબેન પરમારે કો-ઓર્ડિનેટર તરીકે, તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવેલ. આ સફળ પ્રવાસ આયોજન બદલ આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી તથા મા.મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે અભિનંદન આપેલ હતાં.



# સંક્ષિપ્ત સમાચાર

લીલા ચૌહાણ
અને વૈશાલી યોગી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### સ્વ.શ્રી અટલ બિહારી વાજપેઈને શ્રધ્ધાંજલિ...

મહાવીર ઓડિટોરીયમમાં, સ્વ. અટલ બિહારી વાજપેઈને શાળાના મૂકબધિર બાળકો, શિક્ષકો અને ટ્રસ્ટીગણ દ્વારા તા. ૧૮/૮ ના દિવસે બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ પાઠવાયેલ. લોકનેતા, લોકલાડિલા, કવી હૃદય અને માનવતાવાદી એવા શ્રી અટલજીને દેશે ગુમાવ્યાં, તેનો રંજ સૌએ વ્યકત કર્યો. તેમજ દેશ માટે તેમણે કરેલા વિકાસના કામોને યાદ કરી ભાવાંજલિ આપેલ. શાળાના શિક્ષક શ્રી લીલાબેન ચૌહાણે બાળકોને શ્રી અટલજીની વિશેષ માહિતી આપેલ.

### ગુરુપૂર્ણિમાની ઉજવણી

તા. ૨૭/૭ ના રોજ ગુરુપૂર્ણિમાના પાવનપર્વ નિમિતે શાળામાં સુંદર કાર્યક્રમનું આયોજન થયેલ. ધો. ૩ અને ધો. ૮ ના બાળકોએ ગુરુ-શિષ્યના મહામૂલ્યવાન સંબંધ અને જીવનમાં ગુરુનું મહત્વ તે વિશે સુંદર નાટકની રજૂઆત કરેલ. તેમજ ધો. ૬ ના વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમા વિશેની માહિતી આપતા ચાર્ટની સમજૂતી આપેલ. આ દિવસે આચાર્યશ્રી ઈલાબેને તમામ શિક્ષકોને શુભેચ્છા આપેલ.

### વિશ્વ સિંહ દિવસ



શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં તા. ૧૦/૮ ના રોજ **વિશ્વ સિંહ દિવસ**ની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં ગુજરાતના ગીરમાં (જૂનાગઢ) રહેતા સિંહ વિશે માહિતીસભર સી.ડી. બાળકોને બતાવવામાં આવેલ. સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડ્યાએ પ્રેરક માહિતી પૂરી પાડેલ. તેઓએ ખેડૂતોને સિંહ કેવી રીતે મદદરૂપ બને છે તેના વિશે બાળકોને સમજાવેલ. ધો. ૯ અને ધો. ૧૧ના વિદ્યાર્થીઓ સિંહના મ્હોરા પહેરી, જનજાગૃતિના હેતુથી રેલીમાં જોડાયેલ. સિંહનો શિકાર થતો અટકાવવાના કાર્યક્રમમાં મદદરૂપ થવું, તે અંગે સૌએ પ્રતિજ્ઞા પણ લીધી. સમગ્ર કાર્યક્રમ વિશેની સાઈન શ્રી ભરતભાઈ અને શ્રી નરેન્દ્રભાઈએ કરી બાળકોને સમજાવેલ.

### MMR રૂબેલા રસીકરણ

૨૦૨૨ સુધીમાં ભારતમાંથી ઓરી અને રૂબેલા નાબૂદ કરવાના પ્રોજેકટ અંતર્ગત, રસીકરણ કાર્યક્રમમાં શાળાના ૧૫ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને રસીકરણ કરાવવામાં આવેલ. આ પ્રસંગે છાત્રાલયના તથા સ્થાનિક બાળકોના તમામ વાલીએ હાજર રહી, બાળકોનું રસીકરણ કરાવેલ. આ કાર્યક્રમ સુખરૂપ પૂર્ણ થયે આચાર્યશ્રી ઈલાબહેને, ડૉ. શૈલેશભાઈ અને તેમની ટીમનો આભાર માનેલ.

### બધિર શાળા સંચાલક મંડળ ગુજરાત

તા. ૨૧/૯ ના રોજ બધિર વિદ્યા વિહાર સંકૂલ નડિયાદ ખાતે, બધિર શાળા સંચાલક મંડળની મિટીંગ યોજાઈ. માનનીય મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર (સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ, ગુજરાત રાજય) મુખ્ય મહેમાન તરીકે તથા જી.એન. નાચીયા (નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત રાજય) એ અતિથિ વિશેષ તરીકે હાજરી આપેલ. આપણી સંસ્થામાંથી મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી મીતાબહેન ઓઝા (ચેરમેન છાત્રાલય, કમિટી) શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા (ઓ.એસ.), શ્રી સ્નેહાબહેન જોશી (મુખ્ય ગૃહમાતા) એ હાજરી આપેલ.

### વર્ગોમાં ICT ના ઉપયોગની તાલીમ તથા નિષ્ણાંતોનો સન્માન સમારોહ

તા. ૨૩/૯ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત હાઈટેક સ્કૂલમાં ICT-3 નું પ્રેઝન્ટેશન અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ. આપણી શાળામાંથી પાંચ શિક્ષકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ. આ સેમિનારમાં અલગ-અલગ શહેરની શાળાઓના શિક્ષકોએ ભાગ લીધેલ. તેઓએ બાળકો પોતાના અભ્યાસક્રમને વિનામૂલ્યે ઘરે બેઠાં Online સરળ સમજૂતી દ્વારા શિખી શકે તે માટે પોતાના બ્લોગ પર આ અભ્યાસક્રમની રચના કરી મૂકેલ છે. આમ,

ઈ-કનેક્ટ, કોમ્પ્યુટર પેરીફેરિયલ્સ અને ICT ના સાધન ઉપયોગ વિશે ઉપસ્થિત સૌને માહિતગાર કરેલ. આ કાર્યક્રમના આયોજનકર્તા શ્રી ધીરૂભાઈ ધંધુકિયા તેમજ શ્રી નવનીતભાઈ રાઠોડે આ તમામ શિક્ષકોનો આગવો પરિચય આપેલ તથા તેમણે ICT ક્ષેત્રે આપેલ યોગદાનને બિરદાવેલ. સન્માન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી નલિનભાઈ પંડિત, શ્રી બી.કે. મારૂ, શ્રી પંકજભાઈ તથા શ્રી પરેશભાઈ (બી.એમ. કોમર્સ હાઈસ્કૂલના આચાર્ય) ઉપસ્થિત રહેલ. ICT ના ક્ષેત્રમાં અગ્રેસર એવા નિષ્ણાંત શિક્ષકોને મહેમાનશ્રી દ્વારા મેમેન્ટો આપી શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડની પ્રેરક હાજરી રહેલ.

## વિશ્વ બધિર દિવસની ઉજવણી

તા. ૨૯/૯ ના રોજ **વિશ્વ બધિર દિવસ** નિમિતે શાળામાં બાળકોએ વિવિધ પ્રવૃત્તિઓ કરેલ તેમજ શાળાની જુદી-જુદી ટીમોએ શહેરની વિવિધ શાળાઓમાં જનજાગૃતિ નાટક રજૂ કરેલ.

## પ્રાર્થના સભા



શ્રી બહેરાં-મૂંગા શાળાના મુખ્યદાતા શ્રી ગિરધરલાલ ખીમચંદના જમાઈ તથા દાતા પરિવારના પૂર્વ ટ્રસ્ટી શ્રી નગીનદાસ શાહનું દુઃખદ અવસાન થતાં તા. ૩૦ જૂલાઈના રોજ, શાળાના મહાવીર ઓડિટોરીયમમાં પ્રાર્થના સભા રાખવામાં આવેલ. સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવેલ.

## બુધ્ધિ કસોટી

વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર આયોજિત બુધ્ધિ કસોટી પરીક્ષાનું આયોજન તા. ૩૦/૯ ના રોજ શાળામાં કરવામાં આવેલ. જેમાં શ્રવણમંદ બાળકોએ પણ પોતાની પ્રતિભા ઉજાગર કરવા પરીક્ષામાં ભાગ લીધેલ.

## સ્ટાફ વેલ્ફેર ફંડ

તા. ૨૨/૮ ના રોજ **શ્રી અને શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડ** માંથી સંસ્થાના કુલ ૫ર જરૂરિયાતમંદ કર્મચારીઓને શીંગતેલના ડબ્બાનું વિતરણ શ્રી મીતાબહેન ઓઝા, શ્રી ઈલાબહેન મજમુદાર, શ્રી અશ્વિનભાઈ પંડયા અને શ્રી જીતુભાઈ શાહના હસ્તે કરાવેલ.

## વિદાય સમારંભ

બહેરાં-મૂંગા શાળાના છાત્રાલયના અટેન્ડન્ટ શ્રી પ્રવિણાબહેન પરમારનો વિદાય સમારંભ તા. ૨૬/૯ ના રોજ શાળાના ઓડિટોરીયમમાં યોજાયેલ. બધાંજ સહકર્મચારી, ટ્રસ્ટી તથા મંત્રીશ્રીએ તેઓને નિવૃત્તિ પછીના તંદુરસ્ત જીવનની શુભેચ્છા પાઠવેલ.

## સંસ્થા મુલાકાત

- ❖શ્રીમતી સુષ્મા કોપીકરે (સીનીયર એકઝયુકટિવ, મુંબઈ ઓફિસ) તા. ૧૮/૯ ના રોજ પી.એન.આર. સંલગ્નિત સંસ્થાઓની મુલાકાત લીધી. તે અંતર્ગત બહેરાં-મૂંગા શાળાની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ પ્રાર્થનાની પ્રવૃત્તિ નિહાળી હતી.
- ❖મહિલા ઉત્કર્ષ સંગઠન ભાવનગરની સંસ્થાના કર્મચારીઓએ શાળાના મુલાકાત લઈ, રસપૂર્વક શાળાની વિવિધ પ્રવૃત્તિઓ નિહાળેલ.
- ❖કુમાર શાળાના ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ તથા શિક્ષકે શાળાની મુલાકાત લીધેલ. ધો. ૧૦ના પાઠયપુસ્તકમાં હેલન કેલરની વાર્તા (પાઠ)થી પ્રેરાઈને તેઓએ આ બાળકોને મળવાની જિજ્ઞાસા વ્યકત કરેલ.
- ❖કમળાબેન મૂકબધિર વિદ્યાલય, વડોદરાના માધ્યમિક શાળાના આચાર્યશ્રી રશ્મિબેન, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી દિપકભાઈ તથા સંસ્થાના (શાળા) ઓબ્ઝર્વર શ્રી ભેંસદડિયા સાહેબે શાળાની મુલાકાત લીધેલ.





# સંક્ષિપ્ત સમાચાર

✍ સ્નેહાબેન જોષી



## શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા - છાત્રાલય

◈ તા. ૧૯/૮ ના રોજ **રોટલા ગ્રુપ** દ્વારા છાત્રવાસી તથા સ્થાનિક બાળકોને જવાહર મેદાનમાં આવેલ ગોલ્ડન સર્કસ બતાવાયેલ, ઉપરાંત આ ગ્રુપ દ્વારા બધાજ બાળકોને ગરમ નાસ્તો અને કોલ્ડ્રિંક્સ અપાયેલ. સર્કસના શો દરમિયાન સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ હાજરી આપેલ અને બાળકોને ખુશ જોઈ પોતે પણ ખુશી વ્યકત કરેલ.

◈ તા.૧૩/૯ ના રોજ અંધશાળામાં ગણપતિ સ્થાપન કરાયું. આ ઉત્સવમાં છાત્રાલયના બધાજ બાળકોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. વાજતે-ગાજતે ગણેશનું સ્થાપન કર્યું તથા શ્રધ્ધાપૂર્વક પૂજન કર્યું.

◈ તા. ૨૧/૯ ના રોજ M.B.B.S. માં ભણતાં વિદ્યાર્થીઓ શ્રવણમંદ બાળકો માટે કંઈક કરવાની ભાવનાથી છાત્રાલયની મુલાકાત લીધી.

◈ ૨૬/૯ ના રોજ 'બધિર દિન' હોવાથી છાત્રાલયમાં બાળકોએ આસોપાલવના તોરણ બાંધ્યા. છાત્રાલયના આંગણામાં રંગોળી કરી અને ત્રણેય ટાઈમ મનગમતું ભોજન કરેલ. બાળકોના હાથે કેક કાપી ઉજવણી કરેલ.

◈ તા.૨૬/૯ના દિવસે છાત્રાલયના મુખ્ય ગૃહમાતાનો જન્મદિવસ હોવાથી બાળકોએ વિવિધ કાર્ડ પોતે બનાવી, ગૃહમાતાશ્રીને આપી, પોતાની લાગણી વ્યકત કરેલ.

**વિવિધ પ્રસંગ નિમિત્તે નીચેના વ્યકિતઓએ છાત્રાલયના બાળકોને ભોજન કે નાસ્તો કરાવેલ છે**

◈ શ્રી રાજેશભાઈ વી. પંડયાના પિતાશ્રીની પૂણ્યતિથિ નિમિત્તે.

◈ શ્રી અમુલભાઈ ચૌહાણના સ્વ. પુત્ર પ્રિયંકના જન્મદિવસ નિમિત્તે તેના મમ્મીએ પોતાના હાથે સ્વાદિષ્ટ પાઉંભાજી બનાવી.

◈ શ્રી રાજુભાઈ ગઢિયા (દાતાશ્રી)

◈ શ્રી નરેન્દ્રભાઈ શર્મા (દાતાશ્રી)


◈ શ્રી હાર્દિકભાઈ પંડયાએ પોતાની નોકરીના પ્રથમ વેતન આવતાં.

◈ શ્રી પ્રવિણાબહેન પરમારે જન્મદિવસ નિમિત્તે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ સંતોષ યાદવ



## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એચ.આઇ.)

### ગુરૂપૂર્ણિમાની ઉજવણી

બી.એડ. અને ડી.એડ. ના ૨૦૧૬-૧૮ તાલીમાર્થીઓએ તા. ૨૭/૭ ના રોજ ગુરૂજનોનું સન્માન કરીને ધામ-ધૂમપૂર્વક ઉજવણી કરી.

### (ક્રોસ ડિસેબિલિટી) અભ્યાસક્રમ

RCI માન્ય ૬ માસનું ACCIE (ક્રોસ ડિસેબિલિટી) અભ્યાસક્રમની ઈન્ટરનલ પરીક્ષા તા. ૪/૮ થી ૫/૮ દરમિયાન યોજાય. જેમાં સ્પેશિયલ ટીચર્સ અને તાલીમાર્થી થઈને કુલ ૨૬ લોકોએ પરીક્ષા આપી. તેમજ તા. ૯/૮ અને ૧૦/૮ ના રોજ NIPMD ચેન્નઈ દ્વારા નિયુકત થયેલ એકસટર્નલ એકઝામિનર શ્રી જયોતિબેન પરમારના સુપરવિઝન હેઠળ ACCIE (CD) કોર્સના ૨૬ તાલીમાર્થીઓની એકસટર્નલ પ્રેકિટકલ પરીક્ષા પૂરી થઈ. આ અભ્યાસક્રમની એકસટર્નલ થિયરી તરીક્ષા તા. ૨૭-૨૯-૨૯-૩૦ ઓગસ્ટના રોજ નટરાજ કોલેજ ખાતે લેવામાં આવી.



## ૧૫મી ઓગસ્ટની ઉજવણી

સંસ્થા પરિવાર, પ્રાથમિક, માધ્યમિક શાળા સાથે ટ્રેનિંગ કોલેજના સ્ટાફ અને તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવી.

## ડી. એડ. અને બી. એડ સ્પે. એજયુ. (એચ. આઈ.) ની પ્રવેશ પ્રક્રિયા

વર્ષ ૨૦૧૮-૨૦ માટે ડી.એડ. સ્પે. એજયુ. (એચ.આઈ.) માં કુલ ૩૦ તાલીમાર્થી અને બી.એડ. સ્પે. એજયુ. (એચ.આઈ.) માં ૨૯ તાલીમાર્થીઓ ભારતના જુદાં-જુદાં રાજયમાંથી એડમિશન લીધેલ છે.

## શિક્ષક દિનની ઉજવણી તથા નવા તાલીમાર્થીઓનો સ્વાગત સમારોહ



બી.એડ. તથા ડી.એડ. ના તાલીમાર્થીઓ દ્વારા તા. ૫/૯ ના રોજ ટ્રેનિંગ કોલેજમાં, શિક્ષક દિવસ નિમિત્તે, માઈમ, ગરબા, ઘુમર, સમૂહગીત જેવા કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યાં હતાં અને કોલેજના નવા કોર્સમાં પ્રવેશ લેનાર નવા તાલીમાર્થીઓનો પરિચય સંસ્થા પરિવારને આપી, તેમનું કોલેજમાં સ્વાગત કરવામાં આવ્યું. તેમજ તાલીમાર્થીઓએ વિવિધ પ્રકારના શિક્ષક અને અન્ય કર્મચારી તરીકેની ભૂમિકા ભજવી. તાલીમાર્થીઓના ઉત્સાહ વર્ધન માટે પુરસ્કાર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.



## વિશિષ્ટ અને સામાન્ય શાળાઓની મુલાકાત

નવા તાલીમાર્થીઓ દ્વારા તા. ૧૦/૯ થી ૧૭/૯ સુધી પી.એન.આર. સોસાયટી સાથે સંલગ્નિત સંસ્થાઓની મુલાકાત લીધી. જેથી તાલીમાર્થીઓને જુદી-જુદી અક્ષમતાઓ વિશે પ્રત્યક્ષ જાણવા તથા જોવા મળ્યું. તેમજ અન્ય બે સામાન્ય શાળા જેમાં ઘરશાળા અને શ્રી વિશુધ્ધાનંદ શાળાની મુલાકાત લઈ તેની પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવવામાં આવી.

## હિન્દી દિવસની ઉજવણી

તા. ૧૪/૯ ના રોજ **વિશ્વ હીન્દ દિવસ** ની ઉજવણી નિમિત્તે, કોલેજના તાલીમાર્થીઓ દ્વારા, હીન્દ ભાષાનું મહત્વ અને સ્થિતિ વિશે કાવ્ય-પઠન અને વકતવ્ય રજૂ કરવામાં આવેલ. હીન્દ દિવસ કાર્યક્રમનું સંચાલનશ્રી અજિતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જનરલ કલબ (J.C.)

ટ્રેનિંગ કોલેજમાં દરેક તાલીમાર્થીને પોતાની અભિવ્યકિત માટે પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી, કોલેજ દ્વારા દર શનિવારે J.C. નું આયોજન કરવામાં આવે છે, જેમાં તાલીમાર્થીઓને અગાઉથી વિષય આપી દેવામાં આવે છે. જેની તૈયારી કરીને તાલીમાર્થીઓને PPT દ્વારા રજૂઆત કરે છે. તા. ૮, ૧૫ અને ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૮ ના પ્રેઝન્ટેશન પૂર્ણ થઈ ગયા છે જેના સુપરવાઈઝર શ્રી સંતોષભાઈ યાદવ (રેણુકાબેન, યોગિતાબેન, અમીષાબેન), શ્રી મીરાબેન પાઠક (હિતેશભાઈ, ગણપતભાઈ, અમરિશભાઈ) અને અજીતભાઈ (હિનાબેન, સુમિતભાઈ, અરુનભાઈ) માર્ગદર્શન હેઠળ તૈયારી કરાવવામાં આવી હતી.





# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી

## ‘અંકુર’ મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા



### સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

શાળા ખાતે પુરા આન-બાન અને શાનની સાથે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિવૃત્ત થનાર શાળાના સિનીયર શિક્ષક શ્રી વર્ષાબેન પટેલના હસ્તે ધ્વજવંદન યોજાયેલ. સંસ્થાના માનદ્ મંત્રી (વહિવટ) શ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા આવેલ મહેમાનોનું સ્વાગત તથા પરિચય કરાવવામાં આવેલ. માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ દ્વારા આવેલ મહેમાનોનું પુષ્પગુચ્છ થી અભિવાદન કરવામાં આવેલ. તેમજ માનદ્ મંત્રીશ્રી (શિક્ષણ) શ્રી ડી.જે. ધંધુકિયા દ્વારા, શ્રી વર્ષાબેન પટેલને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવેલ. શ્રી રાજેશભાઈ હકાણી તથા શિક્ષક શ્રી પારૂલબેન પાઠક દ્વારા નિવૃત્ત થતાં શિક્ષક શ્રી વર્ષાબેન પટેલ વિષેના સંસ્મરણો વાગોળેલ. આ પ્રસંગે શિક્ષક શ્રી વર્ષાબેન પટેલના પરિવારજનો તથા ટ્રસ્ટીશ્રીઓ તથા કર્મચારીગણ ઉપસ્થિત રહેલ. ધ્વજવંદનવિધિ શાળાના શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલે કરાવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ તથા આભારવિધિ શ્રી પ્રજ્ઞાબેન ચૌહાણે કરેલ.

### કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી



તા. ૨૯/૮ ના રોજ શાળા ખાતે, ભારે હર્ષોલ્લાસથી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાની વિદ્યાર્થીની ચિ. જાનકી મહેતા દ્વારા શ્લોકગાન તથા આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા, મહેમાનોનું શાબ્દિક, તેમજ સ્મૃતિ ભેટ દ્વારા અભિવાદન કરવામાં આવેલ. ત્યારબાદ મટકી ફોડ તથા કૃષ્ણને ઝુલા ઝુલાવવાનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. તેમજ કૃષ્ણ ભકિતના ગીતો પર બાળકો, સ્ટાફ તથા મહેમાનોએ રાસ રમેલ. આ પ્રસંગે શ્રી કમલેશભાઈ શેઠ તેમજ VYO ના પ્રમુખ શ્રી દેવલભાઈ શાહ તથા નિલાબેન જે. મહેતા તથા અચ્યુતભાઈ મહેતા તથા અન્ય સભ્યો હાજર રહેલ તેમજ આ પ્રસંગે ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ વગેરે ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી રેશ્માબેન શાહે, તેમજ આભારવિધિ શ્રી જયપાલ ગોહિલે કરેલ.

### ઓરિએન્ટેશન વર્કશોપ




નવા પ્રવેશ પામેલ બાળકોના વાલીઓ માટે, દર વર્ષની માફક આ વર્ષે પણ ‘ચાલો આપણા બાળકોને ઓળખીએ’ થીમ ઉપર એક ઓરિએન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૪૦ વાલીઓ હાજર રહેલ. મંદબુધ્ધિ બાળકોના જીવનમાં તાલીમ અને શિક્ષણમાં માતા-પિતાની ભૂમિકા ખૂબજ અગત્યની હોય તે હેતુને ધ્યાનમાં રાખી આ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. વાલીઓ દ્વારા દીપ પ્રાગટ્ય અને માનદ્ મંત્રી (શિક્ષણ) શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ. શિક્ષક શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ મંદબુધ્ધિ એટલે શું ? તેના કારણો-લક્ષણો-પ્રકારો, તેમજ તેને અટકાવવાના ઉપાયો અને શ્રી પારૂલબેન પાઠકે બાળકોના વિકાસાત્મક તબકકાઓ અંગે વાત કરેલ. તેમાં મંદબુધ્ધિ બાળકોના વિકાસમાં વાલીનો ફાળો, દૈનિક ક્રિયાઓનું મહત્વ, વર્તણૂક સમસ્યાઓ તથા તેને સુધારવાના ઉપાયો, વિવિધ થેરાપીઓ, મંદબુધ્ધિના બાળકના વિકાસમાં સામાજીકરણ અને ઘરેલું બાબતોને સરળ ભાષામાં શાળાના શિક્ષકો દ્વારા વાલીઓને સમજાવેલ. અંતમાં મંદબુધ્ધિ બાળકોને સરકાર દ્વારા મળતા લાભો અંગે માહિતી પુરી પાડેલ. આ સમગ્ર વર્કશોપનું આયોજન શાળાના શિક્ષક શ્રી પારૂલબેન પાઠકે કરેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ આ વર્કશોપ સુંદર રીતે સંપન્ન થયેલ.

# ૧ ઑગસ્ટ '૧૮ થી ૩૦ સપ્ટેમ્બર '૧૮ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

| | |
|---|---|
| M/S. Kawarlal and Co. - Chennai | 15000 |
| Shri B. K. Parekh - Mahuva | 63000 |
| Shri Suresh Harilal Shah - Mumbai | 11000 |
| Shri Hardik Mahendrabhai Dhruva - Mumbai | 5000 |
| Dr.Rakesh Markandeya - Solan (HP) | 5000 |
| In Memory of Late Ramniklal Amrutlal Shah - Mumbai | 500000 |
| From : Shri Nitinbhai Shah & Shri Mahasukhbhai Shah | |
| Shri Anjali Kairav Kothari - Paladi | 5000 |
| Shri Kanzariya Bhanuben - Chotila | 10000 |
| Shri Prafullaben Ratilal Trivedi - Bhavnagar | 5000 |
| M/s. Lions Club (East) - Bhavnagar | 2100 |
| Shri Reenaben (Lions Club) - Bhavnagar | 1100 |
| Shri Sumanbhai Chaudhri - Bhavnagar | 1100 |
| Shri Laxmibai Dwarkadas Charity Trust - Mumbai | 120000 |
| M/s. Ocean Finvest - Ahemdabad | 35000 |
| M/s. New Era Cheritable Foundation - Mumbai | 11000 |
| Shri Kamleshbhai Anantrai Andhariya - Bhavnagar | 1111 |
| Shri Jignaben Nitinbhai Solanki - Bhavnagar | 2000 |
| Shri Anjali Kairav Kothari - Paladi | 5000 |
| M/s. Kawarlal and Co.- Chennai | 15000 |
| Shri Narendrasinh Zala - Bhavnagar | 3000 |
| Shri Nathubhai Chavada - Bhavnagar | 3000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Shri Ramaben Sureshchandra Mehta - Mumbai | 2000 |
| Late Indumatiben Pramodkumar Doshi (Depla Wala) - Bhavnagar | 5000 |
| Shri Sanket Manojbhai Vora - Bhavnagar | 2200 |
| Shri Ramlal Kawarlal Jain - Chennai | 50000 |
| Shri Anilbhai V. Pandya - Bhavnagar | 4000 |
| Shri Ritaben Lakhani - Bhavnagar | 7000 |
| Shri Bhavinbhai Kiranbhai Pipaliya - Surat | 4000 |
| Late Vinodbhai Pandya C/O. Shri Ankitbhai Rajgor - Bhavnagar | 13200 |
| Shri Jitubhai Vaghani (State President Of B.j.p.) - Bhavnagar | 5000 |
| Shri Vishalbhai Gupta- Shri Hardikbhai Pansuriya-shri Bhaveshbhai-Bhavnagar | 10000 |
| Late Arunaben Subodhbhai Mehta - Bhavnagar | 5100 |
| Shri Hasmukhrai H. Vaghani - Bhavnagar | 1000 |
| Shri Tatsat Rindani - Vartej | 2500 |
| M/S. Chem Intel - Mumbai | 15000 |
| M/S. Chem Intel - Mumbai | 5000 |
| M/S. Chem Intel - Mumbai | 5000 |
| Shri Pradipbhai Mathurbhai Kapadiya - Mumbai | 9000 |
| Shri Pradipbhai Mathurbhai Kapadiya - Mumbai | 7000 |
| Shri Pradipbhai Mathurbhai Kapadiya - Mumbai | 4000 |
| Shri Sohnabai Bhuta C/O. Dr. Ishvarlal G. Bhuta - Bhavnagar | 2500 |
| Shri Jagdishbhai Chimanbhai - Bhavnagar | 5000 |
| Shri Mehul Jada C.p. School C/O. Shantibhai - Bhavnagar | 3800 |
| Rotary Club Of Ichalkarnji Central - Kolhapur | 67500 |
| Shri D.K. Ajmera Foundation Trust - Mumbai | 100000 |
| Shri Darshan Sureshbhai Pandya - Hyderabad | 100000 |
| Shri Ramlal Kawarlal Jain - Chennai | 50000 |
| Late Rasiklal Chatrabhujbhai Gandhi-Bhavnagar | 7500 |
| Late Rasiklal Chatrabhujbhai Gandhi-Bhavnagar | 7500 |
| Shri Mohanbhai Patel - Bhavnagar | 5700 |
| Rotary Club Of Puna University Sharitable Trust - Pune | 15000 |
| Shri Nautamlal Trikamlal Deliwala - Bhavnagar | 12000 |
| Shri Jitubhai Vaghani (State President Of B.j.p.) - Bhavnagar | 8400 |
| Shri Kamleshbhai R Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Ashvinkumar G. Pandya - Bhavnagar | 50000 |
| Shri Kiranbhai Yashwantray Oza - Bhavnagar | 30000 |
| Shri Naliniben M. Patel - Bhavnagar | 10001 |
| Shri Kamleshbhai R Sheth (Sheth Brothers) - Bhavnagar | 2500 |
| Shri Vinaben H. Shah - Bhavnagar | 1000 |
| Late Shivuben Ramjibhai Moradiya - Bhavnagar | 2000 |
| Shri Prakashbhai R. Muni - Mumbai | 7000 |
| Shri Prakashbhai R. Muni - Mumbai | 4000 |
| Shri Bharat Chandrakant Oza - Mumbai | 1500 |
| Late Nirmalsinh Satubha Gohil - Bhavnagar | 1001 |
| Shri G. V. Miyani - Bhavnagar | 8000 |
| Shri Shyam Girishbhai Makati - Bhavnagar | 12000 |
| Shri Vinaybhai G. Desai - Mumbai | 5000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

| | |
|---|---|
| Shri Vrundaben Harshilbhai Bhatt - Bhavnagar | 2501 |
| Shri Kavarlal & Co. - Chennai | 20000 |
| Shri Ashvinbhai Mohanlal Parekh - Bhavnagar | 100000 |
| Late Bhadrikaben S. Gathani - Bhavnagar | 1000 |
| Smt. Damyantiben L. Bhatiya - Mumbai | 1500 |
| M/s Janak Enterpise - Bhavnagar | 35000 |
| Shri Rotary Royal Club - Bhavnagar | 9600 |
| Shri Ajaykumar M. Chauhan - Bhavnagar | 11000 |
| Shri Harishbhai Patel - Keshod | 2000 |
| Shri Indirabeti Manav Kalyan Trust - Bhavnagar | 11000 |
| Shri Pareshbhai Mehta HUF - Mumbai | 10000 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 2500 |
| Shri Geetaben Ashokkumar Trivedi - Bhavnagar | 5000 |

## FCRA

| | |
|---|---|
| PNR - USA Foundation Inc. Dr. Kiritkumar Shah ( $ 1000) - USA | 70200 |

# શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળામાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી

ભારતનો ૭૨મો સ્વાતંત્ર્યદિન શાળાના મેદાનમાં ખૂબજ ધામ-ધૂમથી ઉજવાયો. શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન સવજીયાણીના હસ્તે તથા તેમની સાથે શ્રી પ્રવિણાબેન અને શ્રી ગૌરીબેને સહભાગી થઈ, ધ્વજવંદન કરવામાં આવ્યું. ધો.૮ની વિદ્યાર્થીની કુ. વિધિ કામળીયાએ ધ્વજવંદનની પ્રવિધિ કરાવેલ. જેને શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈએ તૈયાર કરેલ. ઉપરાંત બાળકો દ્વારા દેશભકિતનું નાટક ભજવાયેલ. શ્રી દક્ષાબેન સવજીયાણીએ પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધન આપેલ. આ પ્રસંગે સંસ્થાના પ્રસ્થાપક વડીલ શ્રી બાબાભાઈએ ઉદ્‌બોધન આપેલ અને શાળાના બાળકોનો વિકાસ તથા સંસ્થાનો ઉત્તરોત્તર વિકાસ વિશે વાત કરી પોતાનો રાજીપો વ્યકત કરેલ. કાર્યક્રમને અંતે શ્રી દક્ષાબેન સવજીયાણી તરફથી તમામ બાળકો અને કર્મચારીઓને અલ્પાહાર કરાવવામાં આવેલ.





# શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળામાં BTE હીયરીંગ એઈડનું વિતરણ




તા. ૧૩/૮ ના રોજ “સ્વ. શ્રીમતી હસુમતીબેન શાહ હીયરીંગ એઈડ કોર્પસ ફંડ” ના વ્યાજમાંથી શાળાના કુલ ૧૩ બાળકોને રૂા. ૨,૫૦,૦૦૦/- ની કિંમતના કુલ ૨૫ BTE હીયરીંગ એઈડનું વિતરણ દાતાશ્રી ચેતનાબેન વી. કોઠારી અને ઈનરવ્હીલ કલબ ઓફ ભાવનગરના પ્રેસિડેન્ટ શ્રીમતી લક્ષ્મીબેન જે. ગુરુમુખાણી, ડિસ્ટ્રીકટ ચેરમેન શ્રી મમતાબેન દેસાઈ, ડિસ્ટ્રીકટ સેક્રેટરી શ્રી સ્નેહાબેન જૈનના હસ્તે કરાયેલ. ઈનર વ્હીલ કલબ ભાવનગરના પ્રેસિડેન્ટ શ્રીમતી લક્ષ્મીબહેને સંસ્થાની પ્રવૃત્તિઓની ખૂબ પ્રસંશા કરેલ અને સંસ્થાને બાહેંધરી આપેલ કે તેઓ આ સંસ્થાની મદદ માટે સહાય કરવા તૈયાર છે. નર્સરી-કે.જી. ના બાળકો શ્રવણયંત્ર મેળવી ખૂબજ ખૂશ થયેલ.



Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 October - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com